શ્રી સર્વોદય
એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ

# શ્રી સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ડીસા.

(ર. જી. નં. ૮૪૬ બં. કાં.)

Website: www.sarvodaytrustdeesa.com
E-mail: sarvodaytrustdeesa@gmail.com

## શુભેચ્છપત્ર
## સાર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી

પ્રતિ,
ટીમ ગુજિપીડિયા
સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ગુજિપીડિયાની પ્રેરણાદાયી સફરની પ્રશંસા કરે છે અને અભિનંદન વ્યક્ત પાઠવે છે. ગુજરાતી શીખવવા માટેનું ઓનલાઈન શૈક્ષણિક પ્લેટફોર્મ શરૂ કરવાની તમારી પહેલ માત્ર પ્રશંસનીય જ નહી, પરંતુ આજના સમયમાં એક સાહસિક સંસ્કૃતિ સંદેશ પણ છે.

જ્યારે નવી પેઢી પોતાની માતૃભાષાથી ધીમે ધીમે દૂર થઈ રહી છે, ત્યારે ડિજિટલ માધ્યમ દ્વારા ગુજરાતી ભાષાને સાચવવા અને પ્રોત્સાહિત કરવાનો તમારો નિર્ણય ગુજરાતીને જીવંત રાખવા માટે આશાના કિરણ સમાન છે. આ પહેલને વધુ અદ્વિતીય બનાવતી હકીકત એ છે કે, આ પ્લેટફોર્મની કલ્પના, સ્થાપના અને સંચાલન પાંચ યુવા મહિલાઓ કરી રહી છે, જે સાહસ, નેતૃત્વ અને સાંસ્કૃતિક જવાબદારી તરફની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તમારું પ્લેટફોર્મ માત્ર શિક્ષણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ ભાષા, વારસો અને ઓળખને એકસાથે ગૂંથતું એક આંદોલન બની રહેશે. ગુજિપીડિયાના દરેક વિષયો માત્ર અક્ષરો, શબ્દો અથવા વ્યાકરણ શીખવવા પૂરતા નથી, પરંતુ પોતાના મૂળ સાથે ફરી જોડાવાનો, વારસાનો ગર્વ અનુભવવાનો અને તેને આગામી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. આધુનિક ટેક્નોલોજી અને સાંસ્કૃતિક મૂલ્યોને જોડીને તમે એક એવું મોડેલ ઊભું કર્યું છે, જે ખાસ કરીને યુવાઓ અને યુવતિઓને પહેલ કરવા અને અનન્ય દ્રષ્ટિ સાથે નેતૃત્વ કરવા પ્રેરણા આપશે.

સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ તમારી સર્જનશીલતા, દ્રઢ સંકલ્પ અને ગુજરાતી ભાષાને જીવંત રાખવાની અડગ પ્રતિબદ્ધતાને બિરદાવે છે. આ પહેલ માટે અમે તમારો હ્રદયપૂર્વક આભાર  માની આદર વ્યક્ત કરીએ છીએ અને ખાતરી આપીએ છીએ કે, આ યાત્રામાં અમે હંમેશા સાથ અને પ્રોત્સાહન આપતા રહીશું.

ગુજિપીડિયા તે બધાં માટે દીપસ્તંભ સમાન બને જે લોકો ગુજરાતી શીખવા, પ્રેમ કરવા અને ગુજરાતી સાથે જીવવા ઇચ્છે છે.

સ્નેહપૂર્વક,
સાર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ

તારીખ: ૧૫/૦૮/૨૦૨૫

હસ્તાક્ષર:

Vikram A Sheth

વિક્રમ એ. શેઠ.
મેનેજિંગ ટ્રસ્ટી